અસ્સલામુ અલઈકુમ (વ.વ.)

# જનાબ હકીમ ડોકટર આદમ વલી હીરાસાહેબ.(હકીમજી)

ટંકારીઆ ગામમાં હીરા હકીમજીના નામથી ઓળખાય,દીલ્હીમાં હકીમ અઝમલખાનના હાથ નીચે ઈ.સ.૧૯૩૦ ની આજુબાજુ ભરૂચ જીલ્લાના વિદ્યાર્થીઓ જૂજ સંખ્યામાં હકીમી કોર્ષ કરવા દીલ્હી ગયેલા.જેમાં હકીમ ચીચી,હકીમ અબ્દુલ રહીમ કાજી ટંકારીઆવાલા વિગેરેનો સમાવેશ થાય છે.

હકીમ આદમ વલી હીરા ઘણાજ બાહોશ અને હકીમીમાં ઘણાજ હોશિયાર હતા.મારા નાકમાંથી ઘણા વખતે પાણી નીકળે એટલે એક દિવસ મને કહયુંકે સુતી વખતે અને સવારમાં માથા ઉપર મફલર કે ગરમ શાલ વીંટી લે,જેથી તને ફાયદો થશે. મેં તેમ કર્યું તો મને તુરતજ ફાયદો થયેલો.ગામમાં એક ભાઈને હાર્ટએટેક થયો,તે ભાઈને તપાસીને ભરૂચ લઈ જવાનું કહેલું.તે ભાઈને ભરૂચ લઈ ગયા.હકીમસાહેબે સાથે ગયેલા બીજા ભાઈઓને કહેલુંકેજો આ ભાઈને રસ્તામાં લોહીની ઊલટી થશેતો બચી જશે,રસ્તામાં તેમજ થયું અને એ ભાઈ બચી ગયા.બે થી ત્રણ દિવસો પછી પેલા ભાઈ જયારે પાછા આવ્યા ત્યારે તેને હકીમજીએ તપાસીને કહયુંકે તબિયત સાચવીને રાખજે,બીજા બે ભાઈઓને કહેલું કે હવે જો એટેક આવશેતો એ બચશે નહિં.એટલું હાર્ટ ડેમેજ થયું છે.૧૪ વર્ષ પછી પેલા ભાઈને હાર્ટએટેક આવતાંજ અલ્લાહની રેહમતે પહોંચી ગયા.

મારા એક મિત્ર સાથે હું સુરત ગયો,તે ભાઈ કહેકે ચાલો હકીમ ચીચી પાસે મારી તપાસ કરાવું,હકીમ ચીચી પાસે ગયા.તેમણે પુછ્યુંકે ક્યાંથી આવો છો? ટંકારીઆ થી આવીયે છીએ.હકીમ ચીચીએ કહયું કે ભલા માણસ સુરત સુધી આવવાની જરૂરતજ નથી.તમારાજ ગામમાં આટલા બાહોશ,હોશિયાર હકીમ આદમ હીરા છે.પછી તમો અહિંયાં કેમ આવો છો? હમો દીલ્હીમાં સાથેજ હકીમનો કોર્ષ કરતા હતા.તેઓ કલાસમાં ઘણાજ હોશિયાર હતા.એમણે ભરૂચમાં દવાખાનું ખોલેલું,પરંતુ યુરોપિયન દવાઓએ આયુર્વેદીક દવાઓ ત્થા હકીમી ઈલાજોનું અવમુલ્યન કરી નાંખ્યું.

એમની પાસે હકીમીને લગતાં ઘણાજ અગત્યનાં અને અત્યારે ઘણાજ કિંમતી ગણી શકાય એવાં ઘણા પુસ્તકો હતાં.એમના ગુજરી ગયા પછી એ પુસ્તકોને જોવા તડકેશ્વરથી બે આલિમો આવેલા. હકીમસાહેબના પૂત્ર મર્હુમ મોહમદભાઈએ એમને જણાવ્યું કે આ પુસ્તકો અત્યારે દુનિયામા અજોડ છે તેમણે સારી એવી કિંમતે વેચાતાં માંગેલાં પરંતુ મોહમદભાઈએ ના પાડી.અમુક વર્ષો પછી મકાનના છાપરામાંથી પાણી ટપકવાના કારણે પુસ્તકોનો કાયમના માટે નાશ થઈ ગયો.જે દઃખની વાત થઈ.પુસ્તકોનો સદઊપ્યોગ થયો હોત તો ઘણા લોકોને ફાયદો  થાત.

હકીમસાહેબ સ્ત્રી કેળવણીમાં ખાશ ધ્યાન આપતા.તે જમાનામાં છોકરીઓને ગુજરાતી પાંચ ધોરણ સુધી ભણાવીને ઉઠાડી લેતા,પરંતુ હકીમસાહેબે એમની ભાણકી અમીનાબહેનને ટંકારીઆની હાઈસ્કુલમાં એસ.એસ.સી.સુધી ભણાવી સ્ત્રી કેળવણી નો શોખ જાગૃત કર્યો.સાથે સાથે સંગાથમાં આયશાબહેન ગુજયાને પણ ભણવા માટે ઉત્સાહ આપેલો.આ બંનેવ બહેનો ટંકારીઆ હાઈસ્કુલમાં એસ.એસ.સી.પાસ થનાર પ્રથમ બહેનો છે.જેનો યશ આદમ હકીમ સાહેબને ફાળે જાય છે.હકીમ સાહેબ સ્વભાવના ધારદાર અને કડક હતા.દર્દીને જે પ્રમાણે નુશ્ખો આપે તેજ પ્રમાણે ખોરાક કયો લેવાનો તેનું સુચન કરે.જેમાં દર્દી પરહેજી ન કરે તો ઠપકો આપે. પાછલી લાઈફમાં હકીમ સાહેબનું ધ્યાન ગામ અને જીલ્લાના રાજકારણમાં પડી જતાં હકીમી તરફ થી ઓછું થઈ ગયું અને લોકોએ સેવા ગુમાવતાં દુઃખની વાત ઉભી થઈ અને એમની હકીમીનો લાભ જોઈએ તેવો લોકોને ન મળ્યો.

ગામમાં એક ભાઈનું માથું ખુબજ દુઃખે,ઘણા ઈલાજો કરતાં,ફાયદો ન જણાતાં એ હકીમસાહેબને મળ્યો,હકીમસાહેબે એ ભાઈને સલાહ આપી કે શાદી કરી લે તારું માથું મટી જશે.ચાર મહિના પછી પેલા ભાઈએ શાદી કરી લીધી,એની ઈચ્છા હતી ત્યાં શાદી થતાં એ ભાઈનૂ માથું હંમેશને માટે દુઃખતું મટી ગયું.આવા દીર્ધદ્રષ્ટિ વાળા હકીમ હતા.

મોહમદ સીરતીની તે ગઝલ યાદ આવે છે

જાઓ જાઓ એય હકીમો જાઓ
દુનિયામાં મારી કોઈ દવા નથી
હું ઈશ્કનો બિમાર છું
બીજી કોઈ બિમારી નથી.

હકીમસાહેબ જ્યારે અલ્લાહની રેહમતે પહોંચ્યા ત્યારે તેમ્ના હાથમાં કુરાન હતું અને તેમનું માથું કુરાન શરીફ ઉપર હતું,આવા પરહેજગાર અને નેક ઈન્શાન હતા એ. આવા નેકદિલ હકીમસાહેબને અલ્લાહપાક જન્નતુલ ફિરદૌશમાં ઉંચી જગા આપે અને બાલ બાલ મગફિરત ફરમાવે અને આપણને એમના રસ્તે ચાલવાની નેક તૌફિક આપે.આમિન.
આ લેખ જનાબ હાજી યાકુબ બાજીભાઈ ભુતાવાલાએ બોલ્ટન(યુ.કે.) થી લખીને મોકલ્યો છે.
આ લેખનું સંપાદન ઈકબાલ ગુલામ ભુતાવાલાએ કેનેડાથી કર્યું છે.